ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

## વોટસએપ વિશ્વ વિદ્યાલય છે

# જેમાં પ્રવેશ માટે મુર્ખતા પ્રાથમિક જરૂરિયાત છે : કુમાર વિશ્વાસ

**આપણા સામાજિક નેતા ગાયબ થયા છે માટે ખાવા પીવા બોલવામાં કોઇ વ્યવ્હાર બનાવ્યો નથી : ૨૧ મી સદી હિન્દુસ્તાનની બનતા કોઇ અટકાવી શકશે નહીં : રામ અયોધ્યામાં જ રહ્યા હોત તો યુવરાજ તરીકે ઓળખાતા વનમાં ગયા એટલે મર્યાદા પુરુષોત્તમ થયા : કુમાર વિશ્વાસ**



ગાંધીનગર તા ૩

આપણા સામાજિક નેતા ગાયબ થઈ ગયા છે .. આજના સોશિયલ મિડીયાના યુગમાં વોટસ એપ વિશ્વ વિદ્યાલય છે અને તેમાં પ્રવેશ મેળવવા માટે મુર્ખતા પ્રાથમિક જરૂરિયાત બની છે. પાટીદાર ગ્લોબલ બિઝનેસ સમિટમાં પ્રખર વકતા અને જાણીતા કવિએ અનોખી શૈલીમાં રસપ્રદ વકતવ્ય આપ્યુ હતુ.

હેલીપેડ મેદાન ખાતે આયોજિત ત્રિદિવસીય ગ્લોબલ પાટીદાર સમિટના પ્રથમ દિવસે ધંધાકીય ક્ષેત્રે યુવાનોને પ્રેરણાદાયી માર્ગદર્શન પુરુ પાડવા માટે મહાનુભાવોએ વકતવ્ય પણ આપ્યુ હતુ. જેમાં આજે વિવેક બિન્દ્રા, મેઘમણી ગૃપના જયંતિ પટેલ , રામકૃષ્ણ એક્ષપર્ટના ગોવિંદભાઇ ગોવિંદભાઇ ધોળકીયા, કુમાર વિશ્વાસ ,જય વસાવડા તેમજ કાજલ ઓઝા વેદ્યના વકત્વયનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આજે પ્રખર વકતા અને યુવા કવિ કુમાર વિશ્વાસે પણ યુવાનોને રસપ્રદ વકતવ્ય આપ્યુ હતુ. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે આપણે સૌ એવા સમયમાં મળીએ છીએ કે દેશ અલગ તરીકેના સવાલો સામે જજુમી રહ્યો છે.દિલ્હીમાં કડકડતી ઠંડી વચ્ચે નાગરિકો રસ્તા પર છે. પેટલના વંશજોએ ઉત્તરપ્રદેશના યુવાનને સંબોધન માટે બોલાવ્યો તેનો અર્થે જ એ છે કે સમાજ વિસ્તરવાની ભાવના ધરાવે છે સંકોચાવાની નહીં.ગુજરાત ગતિ માટે પુરા વિશ્વમાં જાણીતુ છે. ગુજરાત કેટલી ગતિથી કામ કરે છે તે દિલ્હીથી વધુ કોણ જાણે .. ભારતીય પાસપોર્ટ લઈને આપણે બહાર જઈએ છીએ ત્યારે આપણી ક્ષેત્રિય પહેચાન થાય છે. અને હીન્દુસ્તાનીઓ જે કરે છે તેનાથી દેશનો પરિચય મળે છે.વિદેશમાં પણ રેસ્ટોરન્ટના માલિકો પટેલ જોઈને ખુશી થાય છે. પાટીદાર સમાજના લોકો દરેક ક્ષેત્રમાં આગળ છે. એક એક વ્યકિત અનેક વૃતિ પ્રવૃતિ સાથે જોડાયેલો છે. શરીર નાના કોષથી બનેલુ છે પણ છેલ્લા ૧૭ વર્ષથી જયાં ઉભા છે ત્યાં આત્મા દુભાઈ રહી છે. આપણે જયારે લોકતંત્રના રૂપમાં આગળ વધ્યા છીએ ત્યારે જે રાજવંશમાં જન્મયા તે પાછળ છે પરંતુ પટેલો આગળ છે. આ પાછળના વર્ષોમાં અમુક જ નાયક એવા છે જેમાં દેશના લોકપ્રિય નેતા સરદાર પટેલ, મહારાણા પ્રતાપ શિવાજીનુ નામ છે. દેશના કોઈપણ ભાગમાં નાનુ બાળખ પણ સરદાર પટેલના નામથી પરિચિત છે. આપણે ખાવા પીવા બોલવામાં કોઈ વ્યવહાર બનાવ્યો નથી. વિદેશના દેશમાં રાજનેતાએ નહીં પણ સામાજિક નેતાએ આ શિસ્ત વ્યવહાર બનાવ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી આપણા સામાજિક નેતા ગાયબ થઈ ગયા છે. દુનિયામાં સંસ્કૃતિ ,ધર્મ તેમજ રાજકીય ક્ષેત્રના જેટલા પણ મોટા નેતા છે તેમણે સરકરાનો નહી પણ સમાજનો આશ્રો લીધો છે.રાજનૈતિકોએ સરકારથી નહીં પણ સમાજથી આશા રાખી છે. આજકાલ સોશિયલ મીડીયાનો યુગ છે. ત્યારે વોટસ એપ વિશ્વ વિદ્યાલય છે જયાં એડમીશન લેવા માટે મુર્ખતા બેઝિક કવોલીટી છે. જન્મ લેવો એ સાર્થક નથી મૃત્યુ એ સાર્થક છે. કેટલા દિવસ જીવ્યા એ નહી પણ કેવી રીતે જીવ્યા તે મહત્વનુ છે. વનવાસ ભોગવનાર રામ અયોધ્યાયામાં રહ્યા હોત તો યુવરાજથી ઓળખાત જંગલમાં ફર્યા માટે મર્યાદા પુરુષોત્તમ બન્યા પુરુષાર્થ કરો તો આવતીકાલે દેવતાની જેમ પુજાશો. તેમણે ગાંધીજી અને રામના દ્રષ્ટાંતો આપી યુવાનોને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. હાલ સૌથી ઉપર નેતા છે ત્યારબાદ પાર્ટી , કાર્યકર્તા , વિચાર અને ત્યારબાદ દેશ છે. પરંતુ આ ક્રમને પલ્ટાવાની જરૂર છે. સૌથી ઉપર દેશ અને વિચાર રાખવાની જરૂર છે. જો ૧૯ મી સદી ઈંગ્લેન્ડની હતી ૨૦મી સદી અમેરીકાની હતી તો દેશના આ યુવાનોના જોરે ૨૧મી સદી હીન્દુસ્તાનની હશે તેને કોઈ અટકાવી શકશે નહીં

# મેગા બ્રાહ્મણ સમિટ-૨નો ભવ્ય પ્રારંભ

**અડાલજનું ત્રિમંદિર પરિસર બ્રહ્મશક્તિનું પરિચાયક બન્યું : દેશની સંસ્કૃતિ-ધરોહર બ્રાહ્મણોના તપ-સમર્પણ અને નિષ્ઠાથી ટકી છે : વિજયભાઈ રૂપાણી : બ્રહ્મસમાજે સામાજિક સમરસતા જાળવવાનું કામ કર્યું છે : નિતિનભાઈ**

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૨નું ગાંધીનગર નજીકના અડાલજ ત્રિમંદિર પરિસરમાં ઉદઘાટન કરતા દેશની સંસ્કૃતિ અને ધરોહર બ્રાહ્મણોના તપ, સમર્પણ અને નિષ્ઠાથી ટકી છે તેવો અભિપ્રાય દર્શાવ્યો હતો.

તેમણે કહ્યું કે આદિ અનાદિકાળથી બ્રહ્મસમાજે હંમેશા પોતાની જ્ઞાનસંપદાથી સમાજ નિર્માણનું જ કાર્ય કર્યું છે. આ સમાજ હંમેશા રાષ્ટ્રહિતની સાથે રહેનારો અને રાષ્ટ્રહિતમાં સમર્પિતભાવે યોગદાન આપવામાં અગ્રેસર રહ્યો છે.

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે રાજાઓ પોતાના પાટલીપુત્રોને શિક્ષા-દિક્ષા માટે બ્રહ્મર્ષિ-મહર્ષિઓના આશ્રમમાં મોકલતા અને આવા બ્રહ્મર્ષિઓ જ તેમનું સર્વાંગી ઘડતર કરતા.

તેમણે ભગવાન રામચંદ્રજી, શ્રીકૃષ્ણ અને વિવેકાનંદના ઉદાહરણો આપતા ઉમેર્યું કે આ બધાના ઘડતરમાં બ્રહ્મર્ષિ-ગુરુઓનો મહત્વનો ફાળો રહ્યો છે.

મુખ્યમંત્રીએ બ્રાહ્મણને ભૂદેવ- દેવોના દેવ તરીકે ઓળખવામાં આવે છે તેની છણાવટ કરતા જણાવ્યું કે બહુધા જ્ઞાન-શિક્ષા, દિક્ષા આપનારા બ્રહ્મદેવોએ દેવોનું પણ ઘડતર કર્યું છે એટલે જ તેઓ જીવનભર નિર્માતા જ કહેવાયા છે.

વિજયભાઈ રૂપાણીએ બદલાતા સમય સાથે બ્રહ્મસમાજે પણ સોચ બદલીને હવે રોજગાર-વ્યવસાય-ઉદ્યોગો ક્ષેત્રે પદાર્પણ કર્યું છે તેને વિદ્વતામાં વેપાર-વાણિજ્યના સંગમથી વિકાસની નવી દિશા ગણાવી હતી.

મુખ્યમંત્રીએ બ્રાહ્મણ કદિ સંકુચિત ન હોય તેમ જણાવતા કહ્યું કે વિશ્વકલ્યાણ ભાવ-બ્રહ્મદેવમાં અભિપ્રેત થયેલો જ હોય છે.

ભગવાન શંકરે સમુદ્રમંથન વેળાએ નીકળેલા વિષનું પાન કરીને સૃષ્ટિનું કલ્યાણ કર્યું તેમ બ્રહ્મદેવો પણ સ્વ સાથે સમાજનો - સમષ્ટિનો હિતભાવ જ સદાકાળ દર્શાવનારો




સમાજ છે.

બ્રાહ્મણ સમાજે હંમેશા દરેક સમાજને જ્ઞાન, સંસ્કાર અને જાગૃતિ આપી છે, તેમ કહી નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોઈ પણ સમાજના વિકાસમાં સમાજના અગ્રણીઓ-વિધ્વાનો અને સરકાર સાથે મળી કામ કરે તો જ આગળ વધી શકે છે. બ્રાહ્મણ સમાજે પોતાના યુવાનો વિશ્વ સાથે તદુરસ્ત સ્પર્ધા કરી શકે અને ધંધા – રોજગારમાં સમાજના યુવાનો આગળ વધે તેવા આશયથી આજની સમિટનું આયોજન કરવામાં આવ્યું છે, તે વાત પ્રસંશનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૨ અને સે-૨૯માં ૨ કરોડના ખર્ચે ૪૦ વર્ષ જુની ગટર લાઈન બદલાશે

**ગટર લાઇનના ટ્ન્ક અપગ્રેડ કરાશે : કામગીરીના અંતે ગટરો ઉભરાવાની ફરિયાદોનો ઉકેલ આવશે**

ગાંધીનગર તા ૩

શહેરના સે-૨૨ અને સે-૨૯ માં ચાર દાયકાઓ જુની ગટર લાઈન અપગ્રેડ કરવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. ૩૦૦ ડાયામીટરની હયાત લાઈન બદલીને ૬૦૦ ડાયામીટરની લાઈન નાંખવામાં આવશે. જેના લીધે ગટરો ઉભરાવાની સમસ્યાનો પણ અંત આવશે. આગામી દિવસોમાં ગટર લાઈન અપગ્રેડ કરવાનુ કામ શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં ગટરો ઉભરાવાની સાથે દુષિત પાણીનો ભરાવો થતો હોવાની પણ અનેકવાર બુમ ઉઠવા પામે છે રહેણાંક વિસ્તાર સહીત કોર્મશિયલ વિસ્તારમાં પણ ગટરોના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો માટે અનેક પ્રશ્નો સર્જાય છે. અસહ્ય દુર્ગંધ વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશો દ્વારા તંત્ર સમક્ષ પણ રજુઆત કરવામાં આવે છે. બીજીતરફ અપુરતા મેનપાવર અને મશીનરીના લીધે ગટર લાઈનની ફરિયાદોને ડામવાનુ કામ મુશ્કેલ બનતુ જાય છે. ત્યારે દાયકાઓ જુની ગટર લાઈન બદલવા માટે પણ આયોજન કરવુ અનિવાર્ય છે. સેકટરોમાં ચાર દાયકા જુની ગટર લાઈન બદલવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવશે. હાલ સે-૨૨ અને સે-૨૯ માં જુની ગટર લાઈન બદલીને નવી ગટર લાઈન નાંખવા માટે આયોજન કરી દેવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પુનઃ ઠંડીનો કહેર

**લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં અઢી ડિગ્રી ઘટ્યુ દિવસભર સુસવાટા મારતા પવનોથી ઠંડીની અસર વધી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં પુનઃ ઠંડીનો કહેર વર્તાઈ રહ્યો છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી જેટલુ ઘટીને ૧૧ ડિગ્રીએ પહોંચી ગયુ છે. જેના પરિણામે વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે.

આ વર્ષે ડિસેમ્બર માસના બીજા પખવાડિયાથી શરૂ થયેલુ આકરી ઠંડીનું મોજુ હજુ ચાલુ રહ્યુ છે. વચ્ચે વચ્ચે ક્યારેક રાહત મળે છે પરંતુ પુનઃ ઠંડીનો કહેર વર્તાય છે. વસાહતીઓ ઘરની બહાર નીકળી શકતા નથી એવી ઠંડી પડે છે. ગઈકાલ સાંજથી જ પુનઃ ઠંડા પવનો શરૂ થયા હતા. ઠંડા પવનો વધતા લઘુત્તમ તાપમાન સડસડાટ નીચે ઉતર્યુ હતુ. ઉત્તર ભારતના કેટલાય વિસ્તારોમાં ભારે હીમવર્ષા થઈ છે. વળી છેક મધ્યપ્રદેશ સુધીનો વિસ્તાર ઠંડીની ચપેટમાં આવી ગયો છે. ઉત્તર ભારત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાય શહેરોમાં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રીથી ઓછુ નોંધાઈ રહ્યું છે. સ્વાભાવિક પણે ગુજરાત પર પણ આ શીત લહેરની અસર થઈ રહી છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં લઘુત્તમ તાપમાનો પારો સતત ઘટી રહ્યો છે. જો કે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં થોડીક રાહત રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૮૦૦ જેટલા મકાનામાં બિન અધિકૃત કબજો : પ્રતિક્ષા યાદી યથાવત

**બિન અધિકૃત મકાનો ખાલી કરાવવા માટે પણ કોઇ કાર્યવાહી હાથ ધરાતી નથી : કેટલાક આવાસો લાંબા સમયથી સરકારી ચોપડે મરામત હેઠળ**

ગાંધીનગર તા ૩

શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો જોખમી હોવાનુ સ્પષ્ટ થયા બાદ એકબાજુ મકાનો ખાલી કરાવી તોડવાની કામગીરી પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. આવા સંજોગોમાં સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે બિન અધિકૃત કબજો ધરાવતા આવાસો પણ ખાલી કરાવવા માટે કોઈ અસરકારક કામગીરી હાથ ધરાતી નથી હાલની સ્થિતિએ અંદાજિત ૮૦૦ જેટલા મકાનો બિનઅધિકૃત કબજા હેઠળ હોવાનુ પણ મનાય છે. કર્મચારીઓએ નિવૃતિ , બદલી તેમજ અવસાનના કીસ્સામાં લાંબા સમયના અંતે પણ આવાસોને કબજા મુક્ત કર્યા ન હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે.

શહેરમાં સરકારી આવાસો જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે જયારે હાલ રહેણાંકને લાયક આવાસો વધુ ન હોવાથી મોટાભાગના મકાનો જોખમી હોવાથી તબક્કાવાર આવાસો તોડવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવે છે. જેના અંતે મકાનો ખાલી કરાવી તોડવા માટે પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. શહેરમાં રહેણાંકની દ્રષ્ટીએ સરકારી આવાસો પુરતા રહ્યા નથી. જેના લીધે કર્મચારીઓને નવા આવાસો ફાળવવાની પ્રક્રીયા પણ જટીલ બની છે. બીજીતરફ હાલ શહેરના સેકટરોમાં કેટલાક આવાસો રીનોવેશન હેઠળ પણ છે. જયારે કર્મચારીઓની નિવૃતિ બદલી તેમજ અવસાનના કીસ્સા બાદ પણ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો ખાલી કરવામાં આવ્યા નથી. અંદાજિત ૮૦૦ જેટલા મકાનો ગેરકાયદેસર કબજા હેઠળ છે.

જયારે આ પૈકી સાત થી આઠ કીસ્સમાં કોર્ટના આદેશ બાદ પણ હજુ બિન અધિકૃત કબજામાંથી મુક્ત થયા નથી. એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસોના અભાવ વચ્ચે કર્મચારીઓને મકાનો ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. ત્યારે બિન અધિકૃત કબજા હેઠળના મકાનોની સંખ્યા પણ વિશેષ છે. સેકટરોની ઈન્કવાયરીમાં પણ ઘણાં ખરા આવાસો લાંબા સમયથી મરામત હેઠળની યાદીમાં છે. જેનો પણ કોઈ ચોક્કસ જવાબ નથી. સરકારી આવાસોના મામલે તંત્રની પારદર્શક નિતી સામે અનેક સવાલો મંડરાયા છે. શહેરમાં જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે નવા મકાનો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે જુના અને જર્જરીત આવાસો પૈકી ઘણાં ખરા રહેણાંકને લાયક હોવાછતા પણ મકાનોની ફાળવણી ન થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવાસોમાં બિન અધિકૃત કબજો હોવાની જાણ થયા બાદ પણ માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કોઈ પગલા લેવાતા નથી.

# જિલ્લા પંચાયતના પ્રમુખપદનો ચાર્જ ભરત પટેલને સોંપાયો

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન સ પટેલ સામાજિક કારણોસર ૨૦ દિવસની રજા પર જતા પ્રમુખપદના હોદ્દાનો ચાર્જ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલને સોંપવાના હુકમો કરાયો છે. ભરતભાઇ પટેલ આવતીકાલે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લેશે.

# નેટવર્ક ન્યુઝ પરિવારના મોભી ભિખુભાઈ નાયાણીનું નિધન



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સ્થિત નેટવર્ક ન્યૂઝના તંત્રી રોહિત નાયાણીના મોટાભાઈ અને સિનિયર પત્રકાર અને રાજકીય વિશ્લેષક ભિખુભાઈ નાયાણીનું આજે દુઃખદ અવસાન થતાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. સદ્દગતની અંતિમયાત્રામાં જ્ઞાતિજનો અને નગરના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સદ્દગતનું બેસણું ૬ઠ્ઠી જાન્યુઆરીને સોમવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી, સેક્ટર-૭ ખાતે રાખેલ છે.

મતદારયાદીની સુધારણા-૨૦૨૦

Electoral Literacy for Stronger Democracy

મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક

તા.૦૫-૦૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

❖ તા.૦૧-૦૧-૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.

❖ મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭ માં અરજી કરવી.

❖ મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮ માં અરજી કરવી.

❖ એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક) માં અરજી કરવી.

- ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
- ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા.૦૫-૦૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો

મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય ?

- ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન "VOTER HELPLINE" દ્વારા
- મોબાઈલથી ૧૯૫૦ નંબર ઉપર ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે

મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com